PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

,CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/કવા–૦૨/૧૬–૧૭/ ૮૧૨૩ તા. 05/06/25

રજી. એડી પત્ર

પ્રતિ,
ઝાલા લલીતભાઈ દુદાભાઈ,
ગામ: જુના રાયસંગ પર,
તા.મુળી,
પીનકોડ–૩૬૩૩૧૦
મો: ૯૭૨૩૪ ૯૫૧૫૮

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૫/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-.2.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,સરા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 /A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૫/ક્વા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૩૧–૦૮–૧૬ સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ ઝાલા લલીતભાઈ દુદાભાઈ,ગામઃ મુળી

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,સરા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)

રજુઆત કરનાર :બી.ટી.કડીવાર, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, હળવદ

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે,તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.:૭૨૮૪૫/૦૦૨૨૭/૦ મા, માહે માર્ચ–એપ્રીલ –૧૧ ના બીલીગ સમયગાળા દરમ્યાન, '' મીટર નો ડિસ્પ્લે ઓફ '' જણાયેલ હોવાથી, તેઓએ મીટર ચકાસણી ફી પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને મીટર બદલાવવાની વિધીસર ની અરજી આપેલ હતી. ત્યારબાદ, પીજીવીસીએલ તરફથી, કોઈ કર્મચારી તેઓને, મીટર બદલાવવાના ચાર્જ ની રસીદ આપી ગયેલ છે. પરંતુ, ખરેખર મીટર, જે માર્ચ–એપ્રીલ –૧૧ થી, ૧૮ માસ સુધી, મીટર બદલાવવામા આવેલ નથી. આ સમય દરમ્યાન, મીટર ખરેખર ચાલુ હાલત મા હોવાથી, મોટા ભાગના વીજબીલો વાસ્તવિક વીજવપરાશ મુજબ, બનાવવાને બદલે, '' ફોલ્ટી મીટર સ્ટેટસ '' મુજબ અપાયેલ છે. આમ, છેલ્લા ૧૫ દ્રીમાસીક બીલીગ, એટલેકે ૩૦ માસ સુધી તેમના જોડાણ નુ મીટર બદલાવવામા આવેલ નથી, અને નિયમાધીન બીલીગ થયેલ ન હોય, આ જોડાણ મા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

**૨.૧** અરજદાર ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૭૨૮૪૫/૦૦૨૨૭/૦, જે અગાઉ તા.૧૫–૦૪–૧૦ થી ચાલુ થયેલ છે. આ જોડાણ મા મોટાભાગે સ્થળ બંધ રહેવાના કારણોસર, માહે માર્ચ–એપ્રીલ –૧૧ થી, માહે સપ્ટેમ્બર–ઓક્ટોબર –૧૪ સુધી ના, તમામ નિયમીત દ્રીમાસીક વીજબીલો '' '' ફોલ્ટી મીટર સ્ટેટસ '' સરેરાશ યુનીટ ૧૭૦ મુજબ અપાયેલ હતા. આ મુજબ, સદર જોડાણ મા, ચડત થયેલ કુલ રકમ રૂ.૧૫,૩૩૨/૩૦ જે જુલાઈ–ઓગષ્ટ –૧૫ ની સ્થિતીએ, સદર જોડાણ ના બીલીગ ખાતામા ઉધાર થતા, લેણી રહેલ હતી. આ રકમ અરજદારે ભરપાઈ ન કરતા, પીજીવીસીએલ તરફથી તા.૨૬–૦૬–૧૩ ના રોજ, અરજદાર નુ સદર જોડાણ '' એનપીડીસી હેઠળ '' મીટર સર્વિસ જમા લઈ અને હંગામી ધોરણે કાપવામા આવેલ હતુ. અને અરજદાર ને, જે તે સમયે પત્ર નં.૪૫૦૮ તા.૧૧–૦૯–૧૩ ના રોજ થી લીગલ નોટીસ આપવામા આવેલ હતી. હાલ ના તબ્બકે, અરજદારે સદર જોડાણ મા પીજીવીસીએલ ની બાકી રહેતી કુલ રકમ રૂ.૧૫,૩૩૨/૩૦ માથી, અગાઉ ના '' ફોલ્ટી મીટર સ્ટેટસ '' ના વીજબીલો ની આકારણી ની રકમ રૂ.૬,૫૫૪/૧૩, જે ખરેખર જમા આપવા પાત્ર થતી રકમ, અરજદાર ના સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા આપવામા આવેલ છે. આમ થતા, હાલ ના તબ્બકે, અરજદાર પાસેથી રૂ.૮૭૭૮/૧૭ જે વસુલાત હતી, તે રકમ માહે ના રૂ.૮૭૮૦/– પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. આમ, અરજદાર ના જોડાણ મા પીજીવીસીએલ ની રકમ ની વસુલાત પૂર્ણ થયેલ હોય, અરજદાર નુ અગાઉ '' તા.૨૬–૦૬–૧૩ ના એનપીડીસી'' સ્થિતીએ રહેલ સદર જોડાણ ને, તા.૩૦–૦૮–૧૬ ના રોજ, અરજદાર શ્રી ની જાણકારી અને હાજરી મા, જોડાણ ના સ્થળ પર મીટર તેમજ સર્વિસ લગાડી, અને અરજદાર ની મુખ્ય માંગણી મુજબ તેમનુ જોડાણ પુનઃ ચાલુ કરવાની કાર્યવાહી, જે અરજદાર શ્રી ના સંતોષ તેમજ તેમના તા.૩૦–૦૮–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવેલ છે.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદ્દા ન, ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના જોડાણ મા પીજીવીસીએલ ની રકમ ની વસુલાત પૂર્ણ થયેલ હોય, અરજદાર નુ અગાઉ "  તા.૨૬–૦૬–૧૩ ના  એનપીડીસી" સ્થિતીએ રહેલ સદર જોડાણ ને, પીજીવીસીએલ તરફથી  તા.૩૦–૦૮–૧૬ ના રોજ,  અરજદાર  શ્રી ની જાણકારી અને હાજરી મા, જોડાણ ના સ્થળ પર મીટર તેમજ સર્વિસ લગાડી, અને અરજદાર ની મુખ્ય માંગણી મુજબ તેમનુ જોડાણ પુનઃ ચાલુ કરવાની કાર્યવાહી, જે અરજદાર શ્રી ના સંતોષ તેમજ તેમના તા.૩૦–૦૮–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ, પીજીવીસીએલ તરફથી,   તા.૩૦–૦૮–૧૬ ના રોજ,  અરજદાર  શ્રી ની જાણકારી અને હાજરી મા, જોડાણ ના સ્થળ પર મીટર તેમજ સર્વિસ લગાડી, અને અરજદાર ની મુખ્ય માંગણી મુજબ તેમનુ જોડાણ પુનઃ ચાલુ કરવાની કાર્યવાહી, જે અરજદાર શ્રી ના સંતોષ હેઠળ પૂર્ણ કરી આપી, અને  તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ તેમના તા.૩૦–૦૮–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન.ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના **૭% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..**